# ઓર્નીથોલોજી વિભાગ દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ખાતે ખેડૂત શિબિરનું આયોજન કરાયું

ઓર્નીથોલોજી વિભાગ દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા મુકામે ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત તારીખ ૦૩-૦૮-૨૦૨૨ ના રોજ એક દિવસીય ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવેલ. ઓર્નીથોલોજી વિભાગ ના વડા ડો. સી. કે. બોરડ અને આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ના વડા ડો. વાય. બી. ચૌહાણ ના તમામ માર્ગદર્શન હેઠળ ડો. જે. જી. દુલેરા અને શ્રી. એ. એચ. નાયી દ્વારા ૩૫ ખેડૂત ભાઈઓને ખેત-ઓજાર, પક્ષીના માળા, ટ્રાઈકોડરમા પાવડર, પ્લાસ્ટીક ડોલ અને દાડમના છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા પક્ષીઓનું ખેતીમાં મહત્વ અને પક્ષીઓની ખેતીમાં ઉપયોગીતા તથા તેનાથી ખેતીપાકોને થતું નુકશાન વિષય પર ડો. જે. જી. દુલેરા દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડો. વાય. બી. ચૌહાણ દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ખાતે ચાલતી ખેતી પ્રવૃત્તિઓની ઝાંખી આપી હતી. ડો. હર્ષ. કે. દેસાઇ દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ખાતે ચાલતી વિવિધ યોજના વિષે વિસ્તૃત માહિતી આપી હતી. ડો. જે. જી. દુલેરા તથા શ્રી. આશિષ નાયી દ્વારા ઓર્નીથોલોજી વિભાગના વડા ડો. સી. કે. બોરડના માર્ગદર્શન હેઠળ તમામ કિટની ઉપયોગીતા પર ચર્ચા કરવામાં આવેલ. તમામ કાર્યક્રમની અભાર વિધિ ડો. એકતા. એચ. પંડ્યા દ્વારા કરવામાં આવી હતી.

| **કાર્યક્રમની ઝાંખી** | |
|---|---|
|  |  |
| **આદિજાતિના ખેડૂત બહેનો સાથે ચર્ચા** | **ડો. વાય. બી. ચૌહાણ દ્વારા દેવગઢબારિયા ખાતે ચાલતી ખેતી પ્રવૃત્તિઓની વિસ્તૃત ચર્ચા** |
|  |  |
| **આદિજાતિના ખેડૂત બહેનોમાં માટીના માળાનું વિતરણ** | **મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ખાતે ૩૫ ખેડૂતોની ખેડૂત શિબિરનું આયોજન** |

| | |
|---|---|
|  |  |
| **આદિજાતિના ખેડૂત બહેનો સાથે પક્ષીઓનું ખેતીપાકોમાં મહત્વ પર વિસ્તૃત ચર્ચા** | **ડો.જે. જી. દુલેરા દ્વારા પક્ષીઓની ખેતીમાં ઉપયોગીતા વિષય પર ચર્ચા** |